

Banas Dairy
India's Pride - Asia's Best

# શુભ દીપાવલી



મારા વહાલા બનાસવાસીઓ...



પ્રકાશ પર્વ દિવાળીની આપ સૌને હાર્દિક શુભકામનાઓ સહ નૂતન વર્ષાભિનંદન પાઠવું છું. આ દિવાળી અને નૂતન વર્ષને આપણે સૌ સાથે મળીને નવી આશા તથા ખુશીઓ સાથે ઊજવીએ. પશુપાલકો અને ખેડૂતોના સર્વાંગી વિકાસની આ કૂચમાં આપણી સહકારની ભાવનાને જીવનમાં ઉતારીને નવા વર્ષમાં સહકારથી સમૃદ્ધિના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા પ્રયાસ કરીએ. આ પવિત્ર પર્વ નિમિત્તે ઉજાશના પ્રતીક એવા દીવાની પવિત્ર રોશનીથી આપ પશુપાલક-ખેડૂત ભાઈ-બહેનો પ્રકાશિત થાઓ, ઈચ્છિત પ્રગતિ હેતુ દેવોના આશિષ પ્રાપ્ત કરો અને જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનો પ્રકાશ ફેલાય તેમજ આ નૂતન વર્ષમાં તમે નવા સંકલ્પોને પરિપૂર્ણ કરી ઉચ્ચ લક્ષ્ય સાથે ઊંચી સિદ્ધિઓ પ્રાપ્ત કરો એવી હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

શ્રી શંકરભાઈ ચૌધરી (ચેરમેન, બનાસ ડેરી)

પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંકઃ ૧૦ | ઓક્ટોબર-૨૦૨૩ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**પ્રેરણાદાયી શબ્દોઃ** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે બનાસ ડેરી કલ્યાણકારી કાર્યો કરી રહી છે

**સ્વચ્છતા માટે શ્રમદાનઃ** ચેરમેન શ્રી શંકરભાઈએ બનાસકાંઠા જિલ્લાને સ્વચ્છ બનાવાના સંકલ્પ સાથે ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા માટે કર્યું શ્રમદાન

**બનાસકાંઠાના સર્વાંગી વિકાસ** માટે વાઈબ્રન્ટ બનાસકાંઠા સમિટમાં બનાસ ડેરી બની સહભાગી



# બનાસ ડેરીનું અભૂતપૂર્વ વિસ્તરણ થઈ રહ્યું છેઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

## યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની દીર્ઘદૃષ્ટિ થકી ગુજરાતમાં ડેરી ક્ષેત્રના વિકાસના કારણે અનેક ખેડૂતોને ફાયદો થયો છેઃ ચેરમેન શ્રી શંકરભાઈ



### ઉત્તર ગુજરાતમાં ૮૦૦થી વધુ નવી ગ્રામ્ય ડેરી સહકારી મંડળીઓની પણ રચના કરવામાં આવી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ૩૦ ઓક્ટોબરના રોજ ગુજરાતના મહેસાણામાં આશરે રૂ. ૫૮૦૦ કરોડના મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. પશુપાલન અને ડેરી ક્ષેત્રના વિકાસમાં સૌથી વધુ લાભ મહિલાઓને થયો છે તેની નોંધ લઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતમાં વર્ષોથી સેંકડો નવી પશુચિકિત્સા હોસ્પિટલોનું નિર્માણ થયું છે, જેના પરિણામે પ્રાણીઓનું સ્વાસ્થ્ય સારું થયું છે અને આ રીતે દૂધ ઉત્પાદનમાં વધારો થયો છે. વડાપ્રધાનશ્રીએ છેલ્લા બે દાયકામાં માહિતી આપી હતી કે ઉત્તર ગુજરાતમાં ૮૦૦થી વધારે નવી ગ્રામીણ ડેરી સહકારી મંડળીઓની રચના પણ થઈ છે, બનાસ ડેરીનું અભૂતપૂર્વ વિસ્તરણ થઈ રહ્યું છે. દૂધ ઉપરાંત ખેડૂતોનાં અન્ય ઉત્પાદનો માટે પણ મોટું પ્રોસેસિંગ સેન્ટર બની રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પશુધનના મફત રસીકરણ માટે એક વિશાળ અભિયાન ચલાવી રહી છે, જ્યાં ૧૫,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યા છે. તેમણે આ વિસ્તારના પશુપાલકોને તેમનાં પ્રાણીઓની રસી લેવા વિનંતી કરી હતી. તેમણે ગોબરધન યોજના હેઠળ ઘણા છોડ વાવવાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જ્યાં ગાયના છાણમાંથી બાયોગેસ અને બાયો સીએનજી બનાવવામાં આવી રહ્યા છે. આજે દેશમાં આપણા વારસાને વિકાસ સાથે જોડવાનું અભૂતપૂર્વ કાર્ય થઈ રહ્યું છે. આ વિકસિત ભારતના નિર્માણના અમારા સંકલ્પને વધુ મજબૂત કરશે.

સમગ્ર ઉત્તર ગુજરાત વિસ્તારમાં પીવાના અને સિંચાઈ માટે પાણીના અભાવે જીવન કપરું હતું અને એકમાત્ર ડેરી વ્યવસાયને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તે સમયને યાદ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ખેડૂતો દર વર્ષે માત્ર એક જ પાકની લણણી કરી શકતા હતા અને તે પણ





કોઈ પણ જાતની નિશ્ચિતતા વિના. શ્રી મોદીએ આ વિસ્તારને નવજીવન આપવા માટે થયેલી કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો તથા અહીં પાણી પુરવઠા અને સિંચાઈ માટે થયેલી કામગીરી વિશે પણ જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, 'અમે ઉત્તર ગુજરાતમાં કૃષિ ક્ષેત્ર તેમજ ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ કરવા માટે કામ કર્યું છે.' તેમણે જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતની જનતા માટે વધુમાં વધુ કમાણીના નવા રસ્તા ઊભા કરવા એ સરકારનો ઉદ્દેશ છે. તેમણે ગુજરાતના વિકાસ માટે નર્મદા અને મહી નદીઓનાં પાણીનો ઉપયોગ કરતી સુજલામ-સુફલામ યોજના પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી મોદીએ માહિતી આપી હતી કે મહત્તમ લાભ સુનિશ્ચિત કરવા માટે સાબરમતી પર ૬ બેરેજનું નિર્માણ થઈ રહ્યું છે. આમાંના એક બેરેજનું આજે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આપણા ખેડૂતો અને ડઝનબંધ ગામોને આનો મોટો લાભ થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ સિંચાઈ યોજનાઓના કારણે છેલ્લાં ૨૦થી ૨૨ વર્ષમાં ઉત્તર ગુજરાતમાં સિંચાઈનો વ્યાપ અનેકગણો વધી ગયો છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી સૂક્ષ્મ સિંચાઈની નવી ટેક્નોલોજી ઉત્તર ગુજરાતના ખેડૂતોએ તાત્કાલિક અપનાવી હતી અને બનાસકાંઠાનો ૭૦ ટકા વિસ્તાર નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યો હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. ખેડૂતો હવે વરિયાળી, જીરું અને અન્ય મસાલાની સાથે ઘઉં, એરંડા, મગફળી અને ચણા જેવા ઘણા પાક ઉગાડી શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માહિતી આપી હતી કે દેશમાં ૯૦ ટકા ઈસબગોલ ગુજરાતમાં પ્રોસેસ કરવામાં આવે છે, જે તેને એક વિશિષ્ટ ઓળખ પ્રદાન કરે છે. તેમણે વધતી જતી કૃષિ પેદાશોની પણ નોંધ લીધી હતી અને બટાકા, ગાજર, કેરી, આમળાં, દાડમ, જામફળ અને લીંબુનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ડીસાને બટાકા માટે ઓર્ગેનિક ખેતીના હબ તરીકે વિકસાવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠામાં બટાકાના પ્રોસેસિંગ માટે એક વિશાળ પ્લાન્ટની સ્થાપનાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે મહેસાણામાં બનેલા એગ્રો ફૂડ પાર્કનો પણ ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે બનાસકાંઠામાં પણ આવો જ મેગા ફૂડ પાર્ક બનાવવાની કામગીરી થઈ રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અવાનવાર 'મન કી બાત' કાર્યક્રમ તેમજ જનસભાઓમાં બનાસ ડેરીનો ઉલ્લેખ કરતાં હોય છે. બનાસ ડેરીનાં કાર્યો, નવાં સાહસોને તેઓ દુનિયા સમક્ષ મૂકતા હોય છે. તેમના શબ્દો અને કાર્યો બનાસ ડેરીના પશુપાલકો તેમજ કર્મચારીઓમાં ઉત્સાહ, પ્રેરણા અને નવી ઊર્જાનો સંચાર કરે છે.








# વેસ્ટમાંથી બેસ્ટનું સર્જન બનાસ ડેરી કરે છેઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અવારનવાર ડેરી ઉદ્યોગ ક્ષેત્રે દૂધ સિવાયના અન્ય વ્યવસાય અને નવાં સાહસો બનાસ ડેરીએ કર્યાં છે તેને બિરદાવીને જિલ્લાના લાખો પશુપાલકો અને ખેડૂતોને પ્રેરણા પૂરી પાડીને નવી ઊર્જાનો સંચાર કરતા હોય છે. તાજેતરમાં જ માનનીય વડાપ્રધાનશ્રીએ ખેરાલુ, મહેસાણા ખાતે વિકાસકાર્યોના લોકાર્પણ પ્રસંગે આયોજિત જનસભાને સંબોધતાં જણાવ્યું હતું બનાસ ડેરી વેસ્ટમાંથી બેસ્ટનું સર્જન કરીને ખેડૂતો અને પશુપાલકોની આવક વધારી રહી છે. બનાસકાંઠા જિલ્લાના મોટા ભાગના લોકો પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા છે એટલે તેઓ દૂધમાંથી આવક તો પ્રાપ્ત કરે છે પણ પશુધનના વેસ્ટમાંથી એટલે કે એમનાં છાણ-ગોબર પણ આવકનો સ્રોત બને એ દિશામાં કામ કર્યું છે. બનાસ ડેરીએ ગોબર ગેસ, ગોબર બાયો સી.એન.જી. ઉત્પાદન કરીને જિલ્લાને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મહત્ત્વનું પગલું ભર્યું છે, સાથે પર્યાવરણ સુરક્ષા માટે એક આગવી પહેલ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસ બાયો સી.એન.જી. પ્લાન્ટ્સ અંગે જનતાને સંબોધતાં જણાવ્યું હતું કે બનાસ ડેરી જિલ્લાભરમાં અનેક સીએનજી સ્ટેશન સ્થાપવા જઈ રહી છે, જે ઊર્જા ક્ષેત્રે એક ઈતિહાસનું સર્જન કરશે. પશુપાલકોને વધારાની આવક કેવી રીતે પ્રાપ્ત થાય એ દિશામાં બનાસ ડેરી સતત કાર્ય કરી રહી છે. બનાસ ડેરીએ પશુઓના છાણમાંથી સીએનજી તૈયાર કરી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં એક મહત્વનું કદમ ઉઠાવ્યું છે. વેસ્ટ ગણાતા ગાયના છાણનો આવક, પર્યાવરણ, વિદેશી હૂંડિયામણ જેવી અનેકવિધ બાબતોમાં કઈ રીતે પ્રેરણાદાયી ઉપયોગ કરી શકાય તે બનાસ બાયો સીએનજી પ્લાન્ટે એ સાબિત કરી આપ્યું છે. જે છાણ એક સમયે ગામડાંઓમાં ઉકરડા




સ્વરૂપે ગંદકીનો પર્યાય હતો. હવે તે જ છાણને બનાસ ડેરી પશુપાલકના ખેતરે-ખેતરે ફરી-ફરીને કિલોના ભાવે ખરીદે છે. પશુપાલકો છાણને ડેરીના ટ્રેક્ટરમાં ઠાલવે છે. આ છાણ ટ્રેક્ટરો મારફતે બનાસ ડેરીના ગોબર ગેસ પ્લાન્ટમાં આવે છે, જ્યાં તેને પ્લાન્ટમાં નાખી ગોબર ગેસ બનાવવાની પ્રોસેસ કરાય છે, તેમાંથી જે છાણ વધે છે તેનું વર્મી કમ્પોસ્ટ ખાતર તૈયાર કરાય છે, આ ઉપરાંત તેમાંથી લિક્વિડ સ્વરૂપે જે સેવરી નીકળે છે, તેમાં એમોનિયા, નાઈટ્રેટ જેવાં પોષક તત્ત્વો સામેલ હોવાથી તે ખેતરમાં નાખવાથી ખેતરની ફળદ્રુપતા વધે છે. બનાસ ડેરીએ હાલમાં ડીસાના દામા ખાતે આ બાયોગેસ પ્લાન્ટ સ્થાપ્યો છે તેમજ આ પ્લાન્ટમાંથી જે જૈવિક ખાતર તૈયાર થાય છે તે પણ પશુપાલકોને બજાર કરતાં ઓછા ભાવે આપવામાં આવે છે, આ જૈવિક ખાતર અને લિક્વિડ સ્વરૂપે નીકળતા સેવરી ખાતરથી ખેડૂતોની ખેતીમાં પણ આવક વધી છે, જે છાણનો પહેલાં પશુપાલકો ઉકરડો બનાવી વર્ષે ૫૦ હજાર રૂપિયામાં વેચતા હતા, આજે તેને બનાસ ડેરી એક રૂપિયે કિલોના હિસાબે વર્ષે દોઢ લાખ રૂપિયાની માતબર કિંમત આપી ખરીદે છે, જેના લીધે પશુપાલકોની દૂધ સાથેની કુલ આવકમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો થયો છે.



# સુસ્વાગતમ્ સુસ્વાગતમ્



**ગુજરાતના પનોતા પુત્ર, નવભારતના નિર્માણકર્તા અને આદ્યશક્તિના ઉપાસક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું મા અંબાની પાવન ધરતી પર ઉષ્માભર્યું સ્વાગત કરતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**



# સ્વસ્થ બનાસના નિર્માણ માટે ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે યોજાયો નિઃશુલ્ક હૃદય રોગ નિદાન કેમ્પ




- ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે કર્યો નિઃશુલ્ક હૃદયરોગ નિદાન કેમ્પનો શુભારંભ
- બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષસ્થાને હૃદયરોગ ફ્રી નિદાન મેગા કેમ્પ યોજાયો
- શારીરિક શ્રમની સાથે લિવિંગ હેબિટ બદલવાની ખૂબ જરૂર છે તો જ આરોગ્યની જાળવણી કરી શકાશેઃ અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરી
- માતાઓ-બહેનોના આરોગ્યની ચકાસણી માટે બનાસ મેડિકલ કોલેજ દ્વારા મેમોગ્રાફી મશીન વાન લાવવામાં આવશે
- ૩૦૦૦થી વધુ લોકોનું નિદાન કરી સારવાર લીધી

વર્તમાન સમયમાં રાજ્યભરમાં યુવાન વયે હાર્ટએટેકના પ્રમાણમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને નાની ઉંમરમાં હાર્ટએટેકથી લોકોના મોતના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે, જે ચિંતાનો વિષય બની ગયો છે. છેલ્લા કેટલાક સમયથી ગરબાની પ્રેક્ટિસ, જીમ, ડાન્સ કરતાં કરતાં કે ઊંઘમાં જ હાર્ટએટેકથી મોતના કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે બનાસકાંઠામાં હૃદયરોગની બીમારી અંગેની જાગૃતતા ફેલાવવા અને હૃદયરોગથી પીડાતા દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપવાના અભિગમ સાથે બનાસ ડેરી, બનાસ મેડિકલ કોલેજ, મોરિયા તથા શ્રી સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ, રાજકોટ અને અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ૧૪ ઓકટોબર, શનિવારના રોજ સવારે બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે નિઃશુલ્ક હૃદયરોગ નિદાન કેમ્પનું







આયોજન કરવામાં આવ્યું છે, જેનો શુભારંભ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો. તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૩ શનિવાર અને ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ રવિવારના રોજ સવારના ૯ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી આ કેમ્પનું આયોજન કરાયું છે.

બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે નિષ્ણાંત ડૉક્ટરોની હાજરીમાં નિ:શુલ્ક હૃદયરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. બનાસકાંઠા જિલ્લામાં હૃદયરોગથી પીડાતી કોઈ પણ ગરીબ, વંચિત, જરૂરિયાતમંદ વ્યક્તિ સારવારના અભાવથી પોતાનો અમૂલ્ય જીવ ન ગુમાવે અને નિ:શુલ્ક નિદાન મેળવીને તંદુરસ્ત જીવન જીવતી રહે તે સેવાના ભાવ સાથે બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે હૃદયરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત ડોક્ટરો દ્વારા હૃદયરોગના દર્દીઓને તપાસવામાં આવ્યા અને સારવાર અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જનરલ ચેકઅપ, હૃદયનું દબાણ, હૃદયરોગનું સ્ક્રીનિંગ, ECHO કાર્ડિયોગ્રાફી, ECG, હૃદયના વાલ્વની તકલીફ, હૃદય પહોળું થવું, એન્જિયોગ્રાફી, વારસાગત બીમારીઓ, નળીઓમાં બ્લોકેજ, અનિયમિત ધબકારા, છાતીમાં દુખાવો અથવા ભૂતકાળમાં હૃદયરોગનો હુમલો વગેરે જેવી હૃદયની બીમારીઓની તપાસ કરવામાં આવી હતી તેમજ સારવાર અને જરૂરી માર્ગદર્શન પૂરું પડાયું હતું.

બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે નિ:શુલ્ક હૃદયરોગ નિદાન કેમ્પના શુભારંભ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે જ્યાં શરીરની ચોખ્ખાઈ, ઘરની સફાઈ અને ગામની સ્વચ્છતા હોય ત્યાં ઓછામાં ઓછા રોગ થાય છે. આટલી વાત ગામડાંના લોકો સમજી જાય તો વૈદ્ય, હકીમ કે દાક્તરની જરૂર રહેતી નથી. જો વ્યક્તિ સ્વસ્થ હશે તો તંદુરસ્ત સમાજ સાથે સર્વાંગી વિકાસ થશે. ધૂમ્રપાન, તમાકુ કે આલ્કોહોલનું સેવન બને ત્યાં સુધી ટાળવું જોઈએ. ફળોનો રસ બનાવીને પીવાના બદલે ફળોને તેના નૈસર્ગિક સ્વરૂપમાં જ ખાવાં જોઈએ. ખાસ કરીને આપણે લીલાં શાકભાજી અને સિઝનલ ફળોનો ઉપયોગ વધારે કરવો જોઈએ. ડાયટમાં પણ તેલનો ઉપયોગ અત્યંત ઓછો કરવો જોઈએ. લો ફેટ, લો કાર્બોહાઈડ્રેટ ખોરાક લેવો જોઈએ. કસરત પણ નિયમિત કરવી જોઈએ. ટીવી, મોબાઈલ જેવાં ગેજેટ્સને વધુ સમય આપ્યા વગર જીવનચર્યા નિયમિત રાખવી જોઈએ, એમાં ખાસ કરીને પૂરતી ઊંઘ લેવી જોઈએ. જો દરેક વ્યક્તિ અને દરેક પરિવાર સ્વસ્થ રહેશે તો માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો સ્વસ્થ ભારતનું નિર્માણ કરવાનો સંકલ્પ પૂર્ણ થશે. ભાગદોડભરી જિંદગીમાં તંદુરસ્ત સમાજ એ સ્વસ્થ દેશની નિશાની છે, જેથી બનાસ ડેરી અને બનાસ મેડિકલ કોલેજ દ્વારા જિલ્લાભરનાં અલગ અલગ ગામડાંઓમાં આરોગ્ય કેમ્પ યોજીને સ્વસ્થ સમાજ, સ્વસ્થ બનાસ અને સ્વસ્થ ભારતના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.









# સ્વચ્છતાને જીવનનો મંત્ર બનાવી ઘર, સમાજ અને દેશને સ્વચ્છ રાખવા ચેરમેન શ્રી શંકરભાઈએ જલોત્રા ગામે કર્યું શ્રમદાન

- સ્વચ્છતા અભિયાન હેઠળ પાલનપુર તાલુકાના જલોત્રા ગામે ચેરમેન શ્રી શંકરભાઈ સામૂહિક ગ્રામસફાઈ કાર્યક્રમમાં જોડાયા.
- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં દેશ આખો સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે ત્યારે સ્વચ્છતાને જીવનનો મંત્ર બનાવી ઘર, સમાજ અને દેશને સ્વચ્છ રાખવાના વિચારને અપનાવવા ચેરમેનશ્રીએ ગ્રામજનોને અપીલ કરી.
- પોતાનું ઘર, ગામ ચોખ્ખું રાખી સ્વચ્છતાને આપણો જીવનમંત્ર બનાવીએ: અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી.

સ્વચ્છતા અભિયાન હેઠળ પાલનપુર તાલુકાના જલોત્રા ગામે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સામૂહિક ગ્રામસફાઈ કાર્યક્રમમાં જોડાયા હતા. ચેરમેનશ્રીએ જલોત્રા ગામના ગ્રામજનો સાથે સફાઈ કરી ગામલોકોને પોતાના ગામની સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી.

આગામી ૩૦મી તારીખે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ










મોદી મા જગદંબાનાં દર્શન કરવા અંબાજી ખાતે આવી રહ્યા છે ત્યારે તેમને ગમતું સ્વચ્છતાનું કામ કરી વડાપ્રધાનશ્રીને આવકારવા આગામી ત્રણ દિવસ સુધી દરેક ગામોમાં સફાઈ અભિયાન ચલાવી ગામને સ્વચ્છ અને ચોખ્ખું બનાવવા અને સ્વચ્છતાના કામ માટે ગામના વડીલોએ આગેવાની લઈ ટ્રેક્ટર, મશીનો જેવા સાધનોનો ઉપયોગ કરીને યુવાનોને પણ પ્રેરણા મળે તેવું કામ કરવા ચેરમેનશ્રીએ ગ્રામજનોને અપીલ કરી હતી.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ગ્રામજનો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે પોતાનું ઘર, ગામ ચોખ્ખું રાખી સ્વચ્છતાને આપણો જીવનમંત્ર બનાવીએ. આપણા ગામને સ્વચ્છ રાખવું એ આપણી સૌની સહિયારી જવાબદારી છે. સ્વચ્છતાનું કામ માત્ર ફોટો પડાવવા માટે નથી, પરંતુ ફોટો એટલા માટે પડાવવામાં આવે છે કે બીજા લોકોને આ કામ કરવાની પ્રેરણા મળે. ગામની માતા-બહેનોને અપીલ કરતા અધ્યક્ષશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સ્વચ્છતાની વાત કરે છે ત્યારે આપણા ઘરની સાથે-સાથે ગામની ગલીઓ, શેરીઓ, મહોલ્લાઓમાં સફાઈ કરી સ્વચ્છતા અભિયાનમાં જોડાઈએ. નવરાત્રિ હમણાં જ ગઈ છે, હવે ધનતેરસ અને દિવાળીના તહેવાર પણ આવી રહ્યા છે. દિવાળી પહેલાં સફાઈ કરવી એ આપણી પરંપરા છે ત્યારે દરેક દૂધ મંડળીઓ, દરેક ગ્રામ પંચાયતો તથા સામાજિક અને રાજકીય આગેવાનો સફાઈકામમાં જોડાઈને ગામના લોકોને પ્રેરણા મળે તેવું સ્વચ્છતાનું કામ કરીએ. ગમે ત્યાં પ્લાસ્ટિક ન ફેંકવું અને ગામને સ્વચ્છ રાખવું એ પણ મોટી સેવાનું કામ છે એમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે કલેક્ટરશ્રી વરુણકુમાર બરનવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરે, પોલીસ અધીક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આર. આઈ. શેખ, સરપંચશ્રી મહેશભાઈ ચૌધરી, બનાસ ડેરીના ડિરેક્ટરશ્રી પી. જે. ચૌધરી સહિતના ડિરેક્ટરશ્રીઓ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેનશ્રી કરશનભાઈ ચૌધરી અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો સામૂહિક સફાઈ કાર્યક્રમમાં જોડાયા હતા.



# એક તારીખ એક કલાક એકસાથે બનાસ ડેરીના કર્મચારીઓએ કર્યું સ્વચ્છતા માટે શ્રમદાન




માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આહ્વાન પર બનાસ ડેરીના કર્મચારીઓએ મેગા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો. શ્રી મોદીજીએ મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતીની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ આપવા માટે ૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સવારના ૧૦ વાગ્યે સ્વચ્છતા અભિયાન માટે એક કલાકના શ્રમદાન માટે નાગરિકોને અપીલ કરી હતી. એમની વાતને અનુસરી બનાસ ડેરીના દેશભરમાં કાર્યરત શાખામાં કામ કરતા કર્મચારીઓએ સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું.





# અંબાજીધામ અને તેની આજુબાજુના વિસ્તારમાં સ્વચ્છતા માટે ચેરમેન શ્રી શંકરભાઈએ કર્યું શ્રમદાન

## સ્વચ્છતા, ઈશ્વરભક્તિની સૌથી નજીક છેઃ ચેરમેન શ્રી શંકરભાઈ




ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી માં અંબાના ધામ અંબાજી મુકામે સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા. અંબાજીધામની આજુબાજુનાં ગામોમાં પણ તેઓએ  જાતે જઈને સફાઈ ઝુંબેશ ચાલુ કરાવી હતી. તેમણે દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ‘સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત’ના કરેલા આહ્‌વાનને ઝીલી લઈ દરેક ગામના ગ્રામજનો પોતાના ગામમાં દિવાળી પહેલાં સફાઈ ઝુંબેશની શરૂઆત કરે તેવો અનુરોધ કર્યો હતો.

ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પોતાના શબ્દો અને કાર્યો દ્વારા લોકોને સ્વચ્છ ભારતનો સંદેશ આપ્યો છે ત્યારે એમના સ્વચ્છતાના સંદેશને અપનાવી ‘સ્વચ્છ બનાસ, સ્વચ્છ ગુજરાત અને સ્વચ્છ ભારત’ નું નિર્માણ કરવાના સંકલ્પ સાથે અંબાજીધામમાં બનાસ ડેરીનાં સહયોગથી સ્વચ્છતા કરવામાં આવી હતી. જો આપણાં પવિત્ર યાત્રાધામો સ્વચ્છ હશે તો મન, સમાજ અને વિશ્વ સ્વચ્છ રહેશે. પવિત્ર યાત્રાધામોમાં દિવ્ય શક્તિનો વાસ હોય છે અને સ્વચ્છતા રાખવી એ ઈશ્વરની ભક્તિ કરવા સમાન છે. સ્વચ્છતા આદર છે, સન્માન છે અને સહિયારી જવાબદારી પણ છે, માટે આપણે સૌએ પવિત્ર યાત્રાધામોને સ્વચ્છ રાખવાની આપણી જવાબદારીને નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ.







# ‘સૌનો સાથ, ગંદકીનો નાશ’



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પોતાના શબ્દો અને કાર્યો દ્વારા લોકોને સ્વચ્છ ભારતનો સંદેશ આપ્યો છે ત્યારે એમના સ્વચ્છતાના સંદેશને અનુસરી ‘સ્વચ્છ બનાસ, સ્વચ્છ ગુજરાત અને સ્વચ્છ ભારત’નું નિર્માણ કરવાના સંકલ્પ સાથે બનાસકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા માટે શ્રમદાન કરતા ચેરમેન શ્રી શંકરભાઈ**







# બનાસ ડેરી કરશે બનાસકાંઠા જિલ્લાના વિકાસ માટે રૂ. ૨૧૦૦ કરોડનું મૂડી રોકાણ

## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં પાલનપુર ખાતે યોજાઈ વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ બનાસકાંઠા સમિટ




- બનાસ ડેરી દ્વારા રૂ. ૨૧૦૦ કરોડના મૂડીરોકાણની જાહેરાત કરવામાં આવી, જેના એમ.ઓ.યુ. ગાંધીનગર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં કરવામાં આવશે.
- બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસ માટે બનાસ ડેરી સતત નવીન સાહસો કરી રહી છે.
- બનાસકાંઠાનો રણ અને સરહદી વિસ્તાર ગુજરાત તેમજ દેશ માટે ગ્રોથ એન્જિન બનશેઃ ચેરમેન શ્રી શંકરભાઈ

'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'ની રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩માં કલ્પના કરવામાં આવી હતી. આજે સમગ્ર વિશ્વમાં વિકાસ અને બિઝનેસ નેટવર્કિંગ માટેનો સૌથી પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચ તરીકે વિકસિત થયો છે. આ નોંધપાત્ર સિધ્ધિનાં ૨૦ વર્ષની ઉજવણી કરતી વખતે ગુજરાત સરકાર દ્વારા દશમી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. 'દશમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ'ના ભાગરૂપે પાલનપુર ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં 'વાઈબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ બનાસકાંઠા સમિટ યોજાઈ હતી, જેમાં ૨૧ ઔદ્યોગિક એકમોએ ૩૮૨ કરોડના એમ.ઓ.યુ. કર્યા હતા, જેના પગલે ૧૧,૩૩૬ લોકોને રોજગારી મળશે. બનાસ ડેરી દ્વારા રૂ. ૨૧૦૦ કરોડના મૂડીરોકાણની જાહેરાત કરવામાં આવી, જેના એમ.ઓ.યુ. ગાંધીનગર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં કરવામાં આવશે. બનાસકાંઠા જિલ્લામાં નવી ૬ જી.આઈ.ડી.સી. ઉપરાંત દેશનો સૌથી મોટો એગ્રો ઈન્ડસ્ટ્રીઝ પાર્ક સ્થાપવામાં આવશે તેમ ઉદ્યોગમંત્રીએ જણાવ્યું હતું.

શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આજે બનાસકાંઠા જિલ્લામાં ખૂબ સારી શરૂઆત થઈ રહી છે. વાઈબ્રન્ટ ગુજરાતના માધ્યમથી બનાસકાંઠામાં ખુશીઓનું વાવેતર થયું છે. ઓપોર્ચ્યુનિટી સાથે અહીંના રણમાં ગ્રીન હાઈડ્રોજન છે, જે આવનારા દિવસોમાં બનાસકાંઠા જિલ્લાને સુખી-સમૃદ્ધ બનાવશે. જિલ્લાનું રણ ગ્રીન હાઈડ્રોજનનું હબ બનશે. આ જિલ્લાના યુવાનોમાં આગવી



આવડત અને કુનેહ છે. આ જિલ્લામાં ખૂબ મોટી ઓપોર્ચ્યુનિટી સાથે અહીંના રણમાં ગ્રીન હાઈડ્રોજન છે, જે આવનારા દિવસોમાં બનાસકાંઠા જિલ્લાને સુખી-સમૃદ્ધ બનાવશે. એક સમયે આરબ દેશોમાં માત્ર રણ હતું, એમને ખબર જ નહોતી કે આ જમીનની નીચે ખનીજ તેલના ભંડારો પડ્યા છે એવી જ રીતે આપણા જિલ્લાનું રણ ગ્રીન હાઈડ્રોજનનું હબ છે. રાજ્ય સરકારની સોલર પોલિસીથી આ વિસ્તારની કાયાપલટ થઈ શકે છે. તેમણે કહ્યું કે આ જિલ્લામાં જે વિસ્તારમાં પાણી નથી ત્યાંના ખેડૂતો પોતાની જમીન સોલર કંપનીઓને ૨૦ કે ૨૫ વર્ષ સુધી ભાડે આપીને તેમની પાસેથી સારી આવક મેળવી શકે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં જે વિકાસ થયો છે એટલો જ વિકાસ માત્ર પાંચ વર્ષના ટૂંકાગાળામાં થયો છે. રણ અને સરહદી વિસ્તાર વૈશ્વિક સ્તરે ઈકોનોમીનો આધાર બનશે. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સક્ષમ અને વિઝનરી નેતૃત્વમાં ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવ્યું છે ત્યારે ફરી એક વાર એમની દીર્ઘદષ્ટિના લીધે રાજ્યનો રણ અને સરહદી વિસ્તાર ગ્રીન હાઈડ્રોજન માટેનું ગ્રોથ એન્જિન બનશે, તેની ઉપયોગિતા અવલ નંબરે પહોંચશે, હિન્દુસ્તાનની પ્રગતિ માટે બનાસકાંઠા અને કચ્છનું રણ ચમકતા સિતારાની જેમ ઝળહળશે અને રણ એક મોટી તાકાત બનીને ઊભરી આવશે.

બનાસ ડેરીને ૪,૦૦૦ કરોડના ટર્નઓવરે પહોંચતાં ૫૦ વર્ષ જેટલો સમય લાગ્યો હતો, જ્યારે છેલ્લાં ૫ વર્ષમાં ૧૮,૦૦૦ કરોડનું ટર્નઓવર થયું છે એ મેનેજમેન્ટના કારણે શક્ય બન્યું છે. બનાસ ડેરીમાં જાપાનની TQM તાલીમ પદ્ધતિથી તમામ કર્મચારીઓને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે, જેના કારણે તેમની કાર્યક્ષમતામાં વધારો થયો છે. આજે દેશ અને દુનિયામાંથી લોકો મેનેજમેન્ટ શીખવા બનાસ ડેરીમાં આવે છે. દૂધમાંથી પ્રોટીન અલગ કરી શકાય એવો વિશ્વનો સૌપ્રથમ પ્રોટીન પ્લાન્ટ બનાસ ડેરીમાં શરૂ કરવામાં આવ્યો છે. જાપાનની મારુતિ સુઝુકી કંપનીએ બનાસ ડેરી સાથે રૂ. ૨૫૦ કરોડના એમ.ઓ.યુ. કર્યા છે.






# ભારત સરકારની સિવિલ સર્વિસના ૭૦ તાલીમાર્થી અધિકારીઓએ બનાસ ડેરીની ત્રણ દિવસની મુલાકાત કરીને જાણી બનાસ ડેરીની સફળતાની કહાણી

- ભારત સરકારની સિવિલ સર્વિસના તાલીમાર્થી અધિકારીઓએ સણાદર સ્થિત બનાસ ડેરીના પોટેટો અને હની પ્લાન્ટની સંપૂર્ણ પ્રક્રિયા નિહાળી તેના અંગે વિસ્તૃત માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.
- તાલીમાર્થી અધિકારીઓને બનાસ ડેરીના વિવિધ આયામો થકી કો-ઓપરેટિવ સેક્ટર દ્વારા થયેલ સામાજિક અને આર્થિક ક્રાંતિ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું.

ભારત સરકારના લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડ્‌મિનિસ્ટ્રેશન (LBSNAA)ના ૯૮મા ફાઉન્ડેશન કોર્સના આઈ.એ.એસ. તાલીમાર્થી અધિકારીઓ બનાસ ડેરીની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા હતા. તેમણે બનાસ ડેરીના વિવિધ વિભાગ અને દૂધ મંડળીઓની મુલાકાત કરીને બનાસ ડેરીએ કેવી રીતે સહકાર દ્વારા સમૃદ્ધિના મંત્રને ચરિતાર્થ કર્યો છે, બનાસ ડેરીની સફળતાની કહાણી શું છે અને કેવી રીતે ગુજરાતનું દૂધ સહકારી મોડલ અવલ નંબરે પહોંચ્યું તે અંગે જાણ્યું, સમજ્યું અને અનુભવ કર્યો હતો. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસ ડેરી રણ અને સરહદી વિસ્તારમાં રહેતા પશુપાલકો અને ખેડૂતોના ઉત્થાન માટે સતત કાર્ય કરતી રહે છે, બસ, એ જ રીતે સરકારી અધિકારી શ્રીઓએ પણ સતત રાષ્ટ્રહિતમાં, સમાજકલ્યાણ પ્રજાકલ્યાણ અને સર્વાંગી સુખાકારી માટે કામ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય એવી આશા વ્યક્ત કરી હતી.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ સહકારી ક્ષેત્રની અંદર દેશભરમાં પોતાની આગવી ઓળખ પ્રાપ્ત કરી છે. સર્વાંગી વિકાસના અભિગમ સાથે દૂધ સિવાયના વિશ્વ સ્તરે અનેક પ્રેરણાદાયક અને સફળ કહાણીઓ મૂકી છે, જેને જાણવા વિશ્વભરમાંથી લોકો બનાસ ડેરીની મુલાકાત કરવા આવે છે. ભારત સરકારના લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડ્‌મિનિસ્ટ્રેશન (LBSNAA)ના ૯૮મા ફાઉન્ડેશન કોર્સના તાલીમ લેતા અધિકારીઓએ બનાસ ડેરીની ત્રણ દિવસની મુલાકાત લીધી હતી. બનાસ ડેરીની સફળતાને જાણવા અને સમજવા માટે અધિકારીઓએ વિભિન્ન વિભાગોની રૂબરૂ મુલાકાત કરી હતી. પ્રથમ દિવસે પાલનપુર સ્થિત બનાસ ડેરીના મુખ્ય વિસ્તારમાં કાર્યરત યુએચટી અને ચીઝ પ્લાન્ટ, બીજા દિવસે બનાસ સંકુલ સણાદર ખાતે પોટેટો પ્લાન્ટ અને આઈસક્રીમ પ્લાન્ટ, બાયો CNG સ્ટેશનની મુલાકાત લીધી હતી, તે ઉપરાંત



ગામડામાં સ્થિત દૂધ મંડળીઓની મુલાકાત કરીને પશુપાલકો સાથે સંવાદ કરીને મંડળીઓ કઈ રીતે કાર્ય કરે છે તેનાથી અવગત થયા હતા.

બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આઈ.એ.એસ.ના અધિકારીઓ સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે સહકાર ભારતના લોકોના સ્વભાવમાં જડાયેલો છે અને તેમની સંસ્કૃતિમાં સહકાર છે અને આ કોઈ ઉધાર લીધેલો વિચાર નથી. તેથી જ ભારતમાં સહકારી ચળવળ ક્યારેય અપ્રસ્તુત હોઈ શકે નહીં. આ દેશને અનેક સંકટમાંથી બહાર લાવવામાં સહકારી ચળવળનો ફાળો છે. સહકારની શક્તિને સમજીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે સહકારનો એક સાધન તરીકે ઉપયોગ કરવા અને સહકારી સંસ્થાઓને મજબૂત કરવા તેમાં પારદર્શિતા લાવવા અને આધુનિકીકરણ કરવા માટે એક નવું સહકાર મંત્રાલય બનાવ્યું છે. કમ્પ્યૂટરાઈઝેશન અને સહકારી બનાવવાનું કામ જે સ્પર્ધામાં ટકી શકે. આજે, દેશના લગભગ ૯૧% ગામડાઓ એવા છે જ્યાં કેટલીક સહકારી સંસ્થા કામ કરે છે, વિશ્વમાં ક્યાંય આવું નથી. આજે અમે, એટલે કે બનાસ ડેરી અને તમે એક ખૂબ જ મજબૂત પ્લેટફોર્મ પર ઊભા છીએ અને હવે સમય આવી ગયો છે. ચાલો આપણે નવા લક્ષ્યો નક્કી કરીએ અને નવા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આગળ વધીએ.

વધુમાં ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે અમારી સફળતા એટલે કે તમારી અને બનાસ ડેરીની સફળતા ચાર બાબતો પર આધાર રાખે છે, નિશ્ચય, સ્પષ્ટ ઈરાદો, સખત મહેનત અને એકતાની ભાવના સાથે કામ કરવું. બનાસ ડેરી ગ્રામ્ય વિસ્તારના દરેક વંચિત વ્યક્તિ સુધી વિકાસને લઈ જવાના પડકારને પહોંચી વળવા સતત કાર્યરત છે.

ભારત સરકારના લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડ્‌મિનિસ્ટ્રેશન (LBSNAA)ના ૯૮મા ફાઉન્ડેશન કોર્સના આઈ.એ.એસ. તાલીમાર્થી અધિકારીઓને બનાસ ડેરી જનભાગીદારી સાથે કઈ રીતે કાર્ય કરે છે એ બાબતથી વધુ માહિતગાર કરવામાં આવ્યા હતા. તેઓને જણાવાયું હતું કે ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે જનભાગીદારી અને સામુદાયિક સક્રિયતાનું વિશેષ મહત્ત્વ છે. કોઈ પણ કાર્યને સરળ અને અસરકારક રીતે ચલાવવા માટે લોકભાગીદારી પણ જરૂરી છે. આથી જ બનાસ ડેરીના દરેક પ્રગતિના કામમાં પ્રજા અવલ છે. આજે બનાસ ડેરીએ સફળતા અને ગૌરવની ગાથા લખી છે, જેની પાછળ લોકભાગીદારીનું બહુ મોટું યોગદાન છે. બનાસકાંઠા જિલ્લાની જનતાની લોકભાગીદારીથી શરૂ કરાયેલાં અને સફળતાપૂર્વક ચાલી રહેલાં અનેક કામો આપણી સામે છે, જેમ કે પર્યાવરણ સંરક્ષણ, ગામડાંઓમાં તળાવોનું નિર્માણ, માટીની બચત, શિક્ષણ ક્ષેત્રે ખેડૂતોની પોતાની મેડિકલ કોલેજનું નિર્માણ, સૈનિક શાળા, સ્વીટ રિવોલ્યુશન, પશુપાલન માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ, કચરામાંથી શ્રેષ્ઠ-ગાયનું છાણ, મૂલ્યવર્ધન. બટાકામાં, ઉમંગ મોલ અને બનાસકાંઠા જેવા ઘણા પ્રોજેક્ટો, જેમ કે ગ્રામજનોને જીવન જરૂરી ચીજવસ્તુઓ સસ્તા ભાવે પૂરી પાડવા માટે અને વિશ્વભરના ખેડૂતો અને પશુપાલકો સાથે જોડાયેલા રહેવા માટે બનાસ રેડિયો લોકભાગીદારીથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે મને એ જાણીને આનંદ થાય છે કે આવનારા સમયમાં તમે બધા એટલે કે ભારત સરકારના લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડ્‌મિનિસ્ટ્રેશન (LBSNAA)ના ૯૮મા ફાઉન્ડેશન કોર્સના આઈ.એ.એસ. તાલીમાર્થી અધિકારીઓ દેશમાં વરિષ્ઠ હોદ્દા પર રહીને અને લોકભાગીદારી સાથે બનાસ ડેરીના સહકારીના સફળ મોડલથી પ્રેરિત થશો અને એક વ્યાવસાયિક અને જવાબદાર નાગરિક બનાવવા માટે કામ કરશો. કાળજી, નૈતિક અને પારદર્શક માળખામાં સેવા, બાંધકામમાં ગુણવત્તાયુક્ત તાલીમ આપીને સુશાસનને પ્રોત્સાહન આપશે.









# ગુજરાતી ફિલ્મઃ “મીરાં” બનાસ ડેરીના મહિલા પશુપાલકોની સંઘર્ષની કહાણી

## બનાસ ડેરીના મહિલા પશુપાલકોના જીવન પર બનેલી ગુજરાતી ફિલ્મ “મીરાં”ને ચેરમેન શ્રી શંકરભાઈએ નિહાળી



ગ્રામીણ સંસ્કૃતિને જીવંત કરીને સ્વાભિમાન અને આત્મનિર્ભરતાનો સંદેશો આપતી **‘મીરાં’** ગુજરાતી ફિલ્મ ૨૭ ઓક્ટોબરના રોજ ગુજરાત અને મહારાષ્ટ્રમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં સ્ત્રી સ્વાભિમાનની વાત વણી લેવામાં આવી છે, સાથે-સાથે પશુપાલન વિષે પણ સારો સંદેશો આવરી લેવાયો છે. ફિલ્મમાં **‘જય જય ગૌમાતા’ ‘જય જય ગરવી ગુજરાત’** શબ્દો વારંવાર ઉચ્ચારાતા રહે છે. એક રીતે મહિલા સશક્તીકરણની વાત આ ફિલ્મમાં આવરી લેવાઈ છે. ફિલ્મમાં ચારેક જેવાં ગીતો છે, **‘હૈયામાં પ્રિત જગાડી’** અને **‘ધન્ય ધરા ગુજરાત’**, જેને શ્રી આદિત્ય ગઢવીએ સ્વર આપ્યો છે. શ્રી ઐશ્વર્યા મજમુદારના સ્વરમાં **‘હાથમાં હાથ’** તેમજ આલાપ દેસાઈના સ્વરમાં **‘ધરતી માતા’** ગીત લેવાયું છે. ઈટેલીફિલ્મ્સ પ્રોડક્શનના બેનર હેઠળ રજૂ થયેલ આ ફિલ્મને દેશ-વિદેશમાંથી ૬૪થી વધુ એવોર્ડ્સ મળી ચૂકયા છે.

સુરમંદિર, પાલનપુર ખાતે જેમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં ‘મીરાં’ ફિલ્મના પ્રીમિયરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બનાસ ડેરીનાં કર્મચારીઓ અને પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા. ચેરમેનશ્રીએ ‘મીરાં’ ફિલ્મના સંદર્ભમાં વાત કરતાં જણાવ્યું હતું કે બનાસકાંઠામાં લાખો મહિલા પશુપાલકો છે, જે વાસ્તવિક જીવનમાં મીરાંનું જીવન જીવી રહ્યા છે. આજે બનાસકાંઠાની મહિલાઓ પશુપાલનનો વ્યવસાય કરીને લાખો રૂપિયા કમાઈ રહી છે, પરિવારનો આધાર બની છે, જે બાળકોના ભવિષ્યને પણ ઉજ્જવળ બનાવી રહી છે. બનાસ ડેરી સાથે જોડાઈને મહિલાઓ આત્મનિર્ભર, સક્ષમ અને સશક્ત બની છે. તેઓ અન્યને રોજગારી આપતી થઈ છે. તેમના પરિશ્રમ, મહેનત અને પ્રયાસોના કારણે બનાસ ડેરી એશિયાની સૌથી મોટી બની છે, જે સૌથી વધુ દૂધનું સંપાદન કરે છે.

‘મીરાં’ એક એવી ફિલ્મ છે, જે સશક્ત નારીના સંપૂર્ણ જીવનની કહાણી રજૂ કરે છે. બનાસકાંઠા જેવા રણ અને સરહદી વિસ્તારમાં રહેતી મહિલાઓ પણ પોતાની મૂળભૂત જરૂરિયાતોનો સામનો કરીને સશક્ત બની છે. એમના જીવનમાં શું સમસ્યા આવી, કેવી રીતે તે સમસ્યાઓનું નિરાકરણ લાવ્યું અને પરિવારનો આધાર બનીને જિલ્લાને રાજ્યનું ગ્રોથ એન્જિન બનાવ્યું છે, એ પાછળની કહાણી આ ‘મીરાં’ ફિલ્મમાં જોવા મળે છે.



# વિદેશની ધરતી પર બનાસ ડેરીએ જીત્યો ગોલ્ડ એવોર્ડ

## ચીન ખાતે આયોજિત ૪૮માં આંતરરાષ્ટ્રીય ક્વોલિટી કંટ્રોલ સર્કલ પ્રોગ્રામમાં બનાસ ડેરીને મળ્યો ગોલ્ડ એવોર્ડ




- બનાસ ડેરીને ગોલ્ડ એવોર્ડ પ્રાપ્ત થવા બદલ સમગ્ર બનાસ પરિવાર હર્ષની લાગણી અનુભવે છે.
- આ કાર્યક્રમ ICQCC-2023માં કુલ ૮૦૦ ટીમોએ ભાગ લીધો હતો, જેમાંથી ભારતની ૨૯૨ ટીમમાં બનાસ ડેરીએ આ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે.
- અગાઉ વડોદરા ખાતે QCFI દ્વારા આયોજિત કન્વેન્શન-૨૦૨૩માં સચોટ વહીવટ, કુશળતા, આવડત અને ગુણવત્તાયુક્ત કામગીરી બદલ બનાસ ડેરીની ૧૩ ટીમોએ ગોલ્ડ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

વિદેશી ધરતી ચીન ખાતે આયોજિત ૪૮મા આંતરરાષ્ટ્રીય ક્વોલિટી કંટ્રોલ સર્કલ પ્રોગ્રામમાં બનાસ ડેરીએ ગોલ્ડ એવોર્ડ જીતીને બનાસકાંઠાનું નામ અને ગૌરવ દેશભરમાં વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ થોડા મહિના પહેલાં વડોદરા ખાતે QCFI (ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા) દ્વારા એચીવિંગ ક્વોલિટી સોલ્યુશન ફોર એક્સલન્સ થીમ અંતર્ગત કાઈઝેન, ૭ મુડા, TQM એન્ડ TPM કન્વેન્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બનાસ ડેરીની ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. આ ૧૪ ટીમોમાંથી ૧૩ ટીમોએ ગોલ્ડ એવોર્ડ પ્રાપ્ત કર્યો અને ૧ ટીમે (એલ.એમ.પી. ૨ એન્ડ ૩ની ટીમ) એક્સલન્સ એવોર્ડ મેળવ્યો હતો ત્યારે આ વિજેતા ટીમો આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા કન્વેન્શન ICQCC ચાઈના માટે ક્વોલિફાય થઈ છે. હવે બનાસ ડેરીએ ચાઈનામાં આયોજિત પ્રોગ્રામમાં ભાગ લઈને ગોલ્ડ એવોર્ડ પોતાના નામે કર્યો છે.




QCFI (ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા) એક સંસ્થા છે, જે અન્ય કંપનીઓ માટે ક્વોલિટી પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ સંસ્થા દ્વારા દર વર્ષે કન્વેન્શનનું આયોજન કરવામાં આવે છે, જેમાં દેશભરમાંથી અલગ અલગ સંસ્થાઓ, એન.જી.ઓ. તેમજ પ્રાઈવેટ કંપનીઓ દ્વારા ભાગ લેવામાં આવે છે. આ કન્વેન્શનમાં કુલ ૧૧૮ ટીમોએ ભાગ લીધો હતો તેમજ ૫૦૦ કરતાં વધારે ડેલિગેટ સહભાગી બન્યા હતા, જેમાંથી બનાસની ભાગ લીધેલ ૧૪ ટીમોને એવોર્ડ મળ્યો હતો. આ દર્શાવે છે કે બનાસ ડેરીના કર્મચારીઓ પોતાની કુશળતા, આવડત અને મહેનત થકી શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યાં છે. બનાસ ડેરીની ૧૪ ટીમોની અંદર ઘી, એકાઉન્ટ, ચીઝ કયુબ, કેટલ ફીડ પાલનપુર, ૩૦ ટી.પી.ડી., ૧૦૦ ટી.પી.ડી., બનાસ ૨ રેફ્રિજરેશન, બટર, એન્જિનિયરિંગ વર્કશોપ, યુ.એચ.ટી, એલ.એમ.પી. ૨/૩, બેસ્ટ સેલ, પનીર અને આઈસક્રીમ વિભાગની ટીમોને સંઘ દ્વારા પસંદ કરીને વડોદરા ખાતે QCFI (ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા) દ્વારા યોજાયેલ કન્વેન્શન-૨૦૨૩માં મોકલવામાં આવી હતી. ૨૦૨૩ના કન્વેન્શનમાં બનાસ ડેરીના અલગ અલગ વિભાગની ૧૪ ટીમોએ ભાગ લઈને વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી તેમજ સંસ્થાના ઉત્તરોત્તર વિકાસ અને ફાયદા માટે સચોટ વહીવટ, કુશળતા, આવડત અને ગુણવત્તાયુકત કામગીરી બદલ ૧૩ ટીમોએ ગોલ્ડ એવોર્ડ પ્રાપ્ત કર્યો અને ૧ ટીમે (એલ.એમ.પી. ૨ એન્ડ ૩ની ટીમ) એક્સલન્સ એવોર્ડ મેળવ્યો હતો. જે ટીમ આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા કન્વેન્શન ICQCC ચાઈના માટે ક્વોલિફાય થઈ છે. ચીન ખાતે આયોજિત ૪૮મા આંતરરાષ્ટ્રીય ક્વોલિટી કંટ્રોલ સર્કલ પ્રોગ્રામમાં બનાસ ડેરીની ક્વોલિફાય થયેલી ટીમે ભાગ લઈને ગોલ્ડ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે, જે માત્ર બનાસ ડેરી માટે જ નહિ, પરંતુ સમગ્ર દેશ માટે ગૌરવની વાત છે.

ઉલ્લેખનીય છે કે સંઘના ઉત્તરોત્તર વિકાસ માટે માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરી દ્વારા TQM-BEST (ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ) પદ્ધતિને અપનાવવામાં આવી, જેમાં કર્મચારીઓને કામગીરીને બેસ્ટ અને શ્રેષ્ઠ રીતે કરવાની તાલીમ, સાથે કુશળતા અને આવડતને અણીદાર કરી પોતાના કામમાં બેસ્ટ આપવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. ચેરમેનશ્રીના સક્ષમ નેતૃત્વના લીધે બનાસ ડેરીનું મેનેજમેન્ટ બેસ્ટ રહ્યું છે, જેનું પરિણામ છે કે બનાસ ડેરીનો વહીવટ અને કામગીરી શ્રેષ્ઠ રહી છે.




# બનાસ દાણ – પશુધન માટે
# ઉત્તમ, પૌષ્ટિક ખોરાક

આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલનના પૂરક ઉદ્યોગને વિકસાવી રાષ્ટ્રમાં શ્વેતક્રાંતિ લાવવા હજુ ઘણું બધુ કરવાનું બાકી છે. જેથી ગ્રામ્ય બેકારીનો પ્રશ્ન પણ હળવો બને તેમ છે. દૂધ ઉત્પાદન વ્યવસ્થા એક સ્વતંત્ર વ્યવસાય તરીકે આપણા દેશમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. રાષ્ટ્રના કુલ દૂધ ઉત્પાદનમાં આપણે વિશ્વ સાથે હરીફાઇ કરીએ છીએ. દૂધ ઉત્પાદન વ્યવસાયમાંથી યોગ્ય વળતર મળી રહે તે માટે આપણાં દુધાળાં પશુઓના ખોરાક માટે ઘણી બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. બનાસ ડેરી પશુધનના ખોરાકની ચિંતા કરીને કેટલ ફીડ પ્લાન્ટની અંદર પશુઓ માટે અલગ અલગ પ્રકારનું દાણ બનાવે છે, જે પોષક તત્ત્વોથી ભરપૂર, સમતોલ અને પૌષ્ટિક હોય છે.

**બનાસ ડેરી દ્વારા પશુધનને આપવામાં આવતો આહાર નીચે પ્રમાણે છે :**

- પશુઓને ભાવે એ પ્રકારનો આહાર બનાવવામાં આવે છે.
- આહારમાંથી પશુને પૂરતો જથ્થો (કદ) મળી રહે અને ભૂખ સંતોષાય તેની કાળજી રખાય છે.
- આહારમાંથી દૂધ ઉત્પાદન માટેનાં જરૂરી પોષક તત્ત્વો પશુને મળી રહે તેનું ધ્યાન રખાય છે.
- આહાર નુકસાનકારક તત્ત્વો અથવા જંતુનાશક દવારહિત બનાવવામાં આવે છે.
- આહાર ફુગરહિત હોય છે તેમજ તમામ સામગ્રી તાજી અને તંદુરસ્ત વાપરવામાં આવે છે.
- આહાર આર્થિક રીતે પોષાય તે રીતે આપવામાં આવે છે.

**બનાસ ડેરીના કેટલ ફીડ પ્લાન્ટમાં બનતા વિવિધ પ્રકારના પશુ દાણ અંગેની વિસ્તૃત માહિતી:**

### ૧) બનાસ દાણ (ગાય માટે)

બનાસ દાણ માટે વપરાતા જુદા જુદા કાચામાલ, જેવા કે મકાઈ, જુવાર, ડી.ઓ.આર.બી., ગુવાર ભરડો, આર.પી.ફાઈન, કપાસખોળ, મગફળીખોળ, રાયડાખોળ, બાબુલ ચુની, ગોળની રસી, વિટામિન્સ, કેલ્સાઇટ પાઉડર, મિનરલમિક્સચર, દળેલું



મીઠું વગેરેનું ઉચ્ચ ગુણવત્તાનાં ધારા ધોરણો મુજબ પરીક્ષણ કરી સારામાં સારી ટેક્નોલોજીનો ઉપયોગ કરી બનાસ દાણ (ગાય માટે) નું નિર્માણ કરવામાં આવે છે. બનાસ દાણમાં પ્રોટીન ૨૦% અને ફેટ ૩% જાળવવામાં આવે છે અને બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ, ટાઇપ-૨ માટેનાં ધોરણો જાળવવામાં આવે છે.

પશુઓમાં આહારનાં મુખ્ય ત્રણ ઘટક તત્વો છે સૂકોચારો, લીલોચારો અને દાણ, જેમાં પશુના દૂધ ઉત્પાદન અને શારીરિક ક્રિયાઓ માટે જરૂરી એનર્જી દાણમાંથી મળી રહે છે. આમ સારી ગુણવત્તાવાળું પશુની જરૂરિયાત મુજબનું દાણ પશુને પૂરું પાડવામાં આવે તો પશુની શારીરિક જરૂરિયાત પૂરી પડે છે અને એના ફળ સ્વરૂપ દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ તેમજ ફેટ અને એસ.એન.એફ. માં પણ સુધારો જોવા મળે છે.

બનાસ ડેરી પાસે પાલનપુર કેટલફીડ યુનિટ કે જેની ઉત્પાદન ક્ષમતા પ્રતિદિવસ ૮૦૦ મે. ટન છે જ્યારે કાતરવા કેટલફીડ યુનિટની ઉત્પાદન ક્ષમતા પ્રતિ દિવસ ૨૨૦૦ મેં ટન છે. આમ, કુલ બનાસ ડેરી પ્રતિદિવસ ૩૦૦૦ મે ટન એટલે કે ૪૨૦૦૦ બનાસ દાણની બોરીનું ઉત્પાદન કરે છે અને તેટલુંજ વેચાણ કરે છે.

### ૨) બનાસ ભેંસ દાણ

ભેંસનું વજન ગાયની સરખામણીમાં વધુ હોય છે તેમજ તેના દુધમાં ફેટની માત્રા પણ વધુ હોય છે જેથી તેના માટે બનાસ ડેરી બનાસ મહેસાણી ભેંસદાણનું ઉત્પાદન પશુપાલકોની માંગને આધારે પાલનપુર તેમજ કાતરવા યુનિટથી અંદાજિત ૫૦૦ મે. ટન અથવા તો ૭૦૦૦ બોરીનું ઉત્પાદન કરવામાં આવે છે.

બનાસ મહેસાણી ભેંસ દાણમાં પ્રોટીન ૨૪% અને ફેટ ૫% જાળવવામાં આવે છે, જેથી પશુની શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે છે તેમજ દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે, ફેટ અને એસ.એન.એફ. જળવાઈ રહે છે.

### ૩) બનાસ બચ્ચા દાણ

જન્મથી બચ્ચાનો પદ્ધતિસરનો શારીરિક વિકાસ થાય તે માટે બનાસ ડેરી બનાસ બચ્ચા દાણ બનાવે છે. જીવનના શરૂઆતના તબક્કામાં બચ્ચાની પેટ/હોજરીનો વિકાસ ધીમો થતો હોય છે, જેથી વધુ રેસાવાળાં તત્ત્વો ખોરાકમાં ના જાય અને સહેલાઈથી પચી જાય એવા ઓછા રેસાવાળાં તત્ત્વોનો ઉપયોગ કરીને બચ્ચા દાણ બનાવવામાં આવે છે, જેમાં પ્રોટીન ૨૩% અને ફેટ ૪% જાળવી રાખવામાં આવે છે.





### ૪) બનાસ વિકાસ દાણ

બચ્ચાના વિકાસના ૪ મહિનાથી લઈને પ્રથમ વખત ગરમીમાં આવે ત્યાં સુધી તેને પુષ્કળ માત્રામાં પ્રોટીન તેમજ પ્રમાણસર એનર્જીની જરૂરિયાત હોય છે, જેથી બનાસડેરી એ બનાસ વિકાસ દાણ બનાવેલ છે, જેમાં પ્રોટેટીન ૨૨% અને ફેટ ૩% જાળવવામાં આવેલ છે. બંને કેટલ ફીડ પ્લાન્ટ્સ પશુપાલકોની માગના આધારે અથવા તો વાછરડી ઉછેર કાર્યક્રમ અંતર્ગત અંદાજિત ૬૦૦ મેં ટનનું છ માસિક ઉત્પાદન કરે છે.

### ૫) બનાસ સગર્ભા દાણ

પશુ વિયાણના ૬૦ દિવસ બાકી હોય ત્યારે પશુને બનાસ સગર્ભા દાણ આપવામાં આવે તો પશુ વિયાણ પછી જોવા મળતા સુવાવડના રોગોમાંથી બચી શકાય છે. પશુની કેલ્શિયમની જરૂરિયાત વિયાણ પછી અચનાક વધી જતી હોય છે અને જો એ સમયે પશુની પોતાની કેલ્શિયમ બનાવવાની સાઈકલ ચાલુ થવી અનિવાર્ય છે તો તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે વિયાણના ૬૦ દિવસ પહેલાથી પ્રતિદિવસ ૫ થી ૬ કિ.ગ્રા. જેટલું બનાસ સગર્ભા દાણ પ્રતિપશુ આપવામાં આવે છે. બનાસ સગર્ભા દાણ માં પ્રોટીન ૨૪% અને ફેટ ૪% જાળવવામાં આવે છે. બંને કેટલ ફીડ પશુપાલકોની માંગના આધારે અંદાજિત ૩૦૦ મે ટનનું છ માસિક ઉત્પાદન કરે છે.

### ૬) બનાસ મિક્ષ આહાર

ભેંસોમાં દૂધ, ફેટ અને એસ.એન.એફ.ની માત્રા તેમજ પ્રવર્તમાન બજારુ પશુઆહાર સેગ્મેન્ટને ધ્યાનમાં રાખીને બનાસ મિક્સ આહાર ૪૦ કિ.ગ્રા. પેકિંગમાં પશુપાલકોને ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, જે બનાવવામાં ફક્ત મકાઈખોળ, ડી.ઓ.આર.બી., રાયડાખોળ અને ગોળની રસીનો જ ઉપયોગ કરવામાં આવેલ છે અને આ બનાસ મિક્સ પશુ આહાર હાલમાં ખૂબ જ વપરાતો તેમજ પશુપાલકોની પ્રથમ પસંદગીમાં સ્થાન પામેલ છે, જેમાં પ્રોટીન ૧૬% અને ફેટ ૫% જાળવવામાં આવેલ છે.

### ૭) બનાસ મકાઈ પાપડી

બજારુ મકાઈ પાપડીની હલકી ગુણવત્તાથી પશુપાલકોને થતી છેતરામણીથી બચાવવા માટે બનાસ ડેરીએ નવીન પ્રોડક્ટ બનાસ મકાઈ પાપડી ૪૦ કિ.ગ્રા. પેકિંગમાં વેચાણ અર્થે મૂકેલ છે, જેમાં ૧૭% પ્રોટીન અને ૧૧% ફેટ જાળવવામાં આવેલ છે. બનાસ મકાઈ પાપડી ક્વોલિટીની સીધી દેખરેખ નીચે થર્ડ પાર્ટી જોબ વર્કથી બનાવડાવવામાં આવે છે અને પશુપાલકોની માંગને આધારે મંડળી ઉપર પહોચાડવામાં આવે છે. બનાસ મકાઈ પાપડીનું પ્રતિમાસ વેચાણ અંદાજિત ૧૭૦૦ મે. ટન જેટલું છે.

કેટલ ફીડ પ્લાન્ટ પાલનપુર ૧૯૭૯માં અસ્તિત્વમાં આવ્યો, જેનું શરૂઆતનું પ્રોડક્શન ૧૦૦ મે. ટન પ્રતિદિવસ હતું. ત્યાર બાદ પશુપાલકોની માંગને પહોચી વળવા માટે ૧૯૯૭-૯૮માં ૩૦૦ મે. ટન પ્રતિદિવસ સુધી વિસ્તારવામાં આવ્યો. ત્યાર બાદ ૨૦૦૨-૦૩માં ફરીથી ૪૫૦ મે ટન પ્રતિ દિવસ સુધી વિસ્તારવામાં આવ્યો અને પછી પણ બનાસ દેરીમાં દુધની આવકમાં વધારો થતા ફરીથી ૨૦૦૮-૦૯માં ૬૦૦ મે ટન સુધીનું ઉત્પાદન લઇ શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી જ્યારે હાલ પ્રવર્તમાન પ્રોડક્શનક્ષમતા ૮૦૦ મે. ટન પ્રતિદિવસ છે.

કેટલ ફીડ પ્લાન્ટ કાતરવા ૨૦૧૧-૧૨માં ૧૦૦૦ મે. ટન પ્રતિ દિવસની ક્ષમતા સાથે અસ્તિત્વમાં આવ્યો, જેનું ૨૦૨૦-૨૧માં વધારાનું ૮૦૦ મેં. ટનની નવીન લાઈન સાથે-સાથે કુલ ઉત્પાદન ૧૮૦૦ મે. ટન પ્રતિદિવસ સુધી વિસ્તારવામાં આવ્યું. ત્યાર બાદ પશુપાલકોની માગને પહોંચી વળવા ૨૦૨૨-૨૩ માં કુલ ૨૧૦૦ મે. ટન ઉત્પાદનક્ષમતા સાથે આર્ટ ઓફ વર્ડ કેટલ ફીડ કાતરવાનું નિર્માણ થયેલ છે.





# વૈજ્ઞાનિક બીજદાન થકી પશુસંવર્ધન

## પશુપાલકો માટે દૂધ ઉત્પાદનને વધુ નફાકારક બનાવવાનો એક પ્રયાસ



ભારત તથા સમગ્ર વિશ્વમાં પશુપાલન વ્યવસાયને વધુમાં વધુ નફાકારક બનાવવા માટે વૈજ્ઞાનિક બીજદાનથી પશુસંવર્ધન એ પશુપાલન ક્ષેત્રમાં અવિભાજિત અંગ બની ગયુ છે. આજે વિશ્વના પ્રગતિશીલ દેશોમાં પશુસંર્વધન વૈજ્ઞાનિક બીજદાન વધુમાં વધુ થાય છે. બનાસકાંઠા જિલ્લો ગુજરાતની ઉત્તર પ્રશ્ચિમે આંતર રાજ્ય તથા આંતરરાષ્ટ્રીય સીમા સાથે સંકળાયેલો છે. જેમાં મોટા ભાગનો વિસ્તાર ડુંગરાળ, રણ તેમજ આદિવાસી વિસ્તારમાં વહેંચાયેલો છે. આ જિલ્લાનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. જે જીલ્લાના ગરીબ લોકોને આજીવિકા આપે છે. આ જિલ્લામાં જગવિખ્યાત કાંકરેજ જાતિની ગાય, બળદ તથા મહેસાણી ભેંસ મુખ્ય પશુધન છે. જિલ્લા માટે ગરીબી નિવારણ તથા સામાજિક આર્થિક ઉત્થાન માટે પશુધન વ્યવસાય અસરકારક સાધન બની રહેલ છે, અછતનાં વર્ષોમાં ખેતી નિષ્ફળ નિવડે ત્યારે પશુપાલન એ આશીર્વાદરૂપ વ્યવસાય બની રહે છે. તે માટે જો પશુપાલકો પાસે વધુ દૂધ આપનાર પશુઓ હશે તો તેઓ વધુ આર્થિક રીતે મજબૂત બનશે. એ હેતુને ધ્યાનમાં રાખીને બનાસ ડેરી દ્વારા જિલ્લાના પશુપાલકોને વૈજ્ઞાનિક બીજદાન થકી પશુઓની નવી ઓલાદો મેળવી આપવામાં મદદ કરે છે.

### બનાસ ડેરી દ્વારા વિનામૂલ્યે વૈજ્ઞાનિક બીજદાન સેવા

બનાસકાંઠામાં હાલ દૂધ સંપાદનમાં કાંકરેજ (દેશી) ગાય, ભેંસ અને અન્ય ગાયના દૂધનો સમાવેશ થાય છે, તેમાં કાંકરેજ ગાયનું દૂધ તો નહીંવત્ પ્રમાણમાં જ આવે છે. બનાસકાંઠા જિલ્લામાં જતન અને સંરક્ષણ કરવા બનાસ ડેરીએ કાંકરેજ ગૌવંશ સુધારણા અને સંરક્ષણ કાર્યક્રમ અમલમાં મૂકેલ છે.

હાલમાં લોકો દેશી ગાયના દૂધ અને દૂધની બનાવટોના ઉપયોગ ઊંચી કિંમત ચૂકવીને કરતા થાય છે. પશુપાલનના ધંધામાં કાંકરેજ (દેશી) ગાયનું ભવિષ્ય ખૂબ જ ઊજળું દેખાઈ રહ્યું છે. તેથી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કાંકરેજ ગાયના સંવર્ધનને વેગ આપવા ડેરીની ૪૮મી વાર્ષિક સાધારણ સભામાં જાહેરાત કરી હતી કે કાંકરેજ ગાય માટે સારવાર અને બીજદાન સેવા વિનામુલ્યે



બનાસ ડેરી દ્વારા કરવામાં આવશે. તેના અનુસંધાને નિયામક મંડળની બેઠકમાં આ બાબત સર્વાનુમતે મંજૂરી સંઘના નીતિ-નિયમોને આધીન કાંકરેજ ગાયની ઓપરેશન સિવાયની સારવાર અને બીજદાન સેવા વિના મૂલ્યે આપવાનું શરૂ કરેલ છે. આ સેવાનો લાભ વધુ ને વધુ દૂધ ઉત્પાદકો લઈને કાંકરેજ સંવર્ધનને વેગ આપે તેવો અનુરોધ બનાસ ડેરી દ્વારા પશુપાલકોને કરવામાં આવ્યો છે.

### વૈજ્ઞાનિક બીજદાન જ કેમ કરાવવું જોઈએ?

- વૈજ્ઞાનિક બીજદાન સસ્તું અને સુરક્ષિત છે.
- પ્રાકૃતિક ગર્ભાદાન વખતે સાંઢના માલિકને પૈસા અથવા કીમતી વસ્તુઓ આપવી પડે, એ ના કરવું પડે તે માટે વૈજ્ઞાનિક બીજદાન અપનાવવું જોઈએ.
- પશુને ઘરે રાખીને કૃત્રિમ બીજદાન થઇ શકે છે, જ્યારે પ્રાકૃતિક ગર્ભાદાન સમયે પશુને બહાર લઈ જવું પડે છે.
- સારી નસલના સાંઢ મળવા મુશ્કેલ છે અને જો સાંઢ શારીરિક રીતે વજનદાર હોય તો પ્રાકૃતિક ગર્ભાદાન સમયે આપણા પશુને ઈજા પણ થઇ શકે છે.
- જો સાંઢને કોઈ સંક્રામક રોગ હશે તો તે આપણા પશુને પણ લાગી શકે છે.
- વૈજ્ઞાનિક ગર્ભાદાન કરાવવા માટે દુર જવું પડતું નથી, એક કોલ કરવા પર વૈજ્ઞાનિક ગર્ભાદાન કરવાવાળા AIAI ટેક્નિશિયન તમારા ઘરે આવી જાય છે, જેના માટે થોડી રકમ આપવી પડે છે.
- વૈજ્ઞાનિક ગર્ભાદાન માટે જે સાંઢનું વીર્ય વાપરવામાં આવે છે તે સાંઢ ઉચ્ચ ગુણવત્તાવાળો જ હોય છે, જેનું પાલન વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવે છે, જેનાથી તેઓ સંપૂર્ણ સુરક્ષિત હોય છે.
- વૈજ્ઞાનિક ગર્ભાદાનથી નસલ સુધારવાનું કામ ઘણી સરળતાથી થઇ જાય છે, જો તમારા પશુનું ગર્ભાદાન ઉત્કૃષ્ટ નસલના સાંઢથી કરવામાં આવે છે તો જન્મ લેનાર પશુના બચ્ચા પણ ઉત્કૃષ્ટ જ હશે અને વધારે દૂધ આપશે.
- દૂધ આપવાની ક્ષમતા વધારવા માટે વૈજ્ઞાનિક ગર્ભાદાન બહુ જ જરૂરી છે.

## કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ પ્રોજેક્ટ
## પશુસંવર્ધન ક્ષેત્રે બનાસ ડેરીની કટિબદ્ધતા



બનાસ ડેરીના દીર્ઘદ્રષ્ટા ચેરમેનશ્રી અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબના માર્ગદર્શન થકી બનાસ ડેરી અને એન.ડી.ડી.બી., આણંદના સહયોગથી બનાસકાંઠા જિલ્લામાં ૨૨-જુલાઈ, ૨૦૨૧ના રોજ બનાસ ડેરીના રૈયા ફાર્મ ખાતેથી કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણનો પાઈલટ પ્રોજેક્ટ શરૂ કરેલ છે. આજદિન સુધી ૬૪૭ ગર્ભનું પ્રત્યારોપણ દૂધ ઉત્પાદકોના ફાર્મ ઉપર અને રૈયા ફાર્મ ખાતેના પશુઓમાં કરેલ છે, જેના માટે ૨૬૨૪ ગાયોને તપાસવામાં આવી હતી. તે પૈકી આજ સુધીમાં ૭૧ પશુઓ ગાભણ થયેલ છે અને વિયાણ પણ થયેલ છે સાથે આ પ્રોજેક્ટનાં પરિણામ મળવાનાં પણ શરૂ થયેલ છે. તેના ફળ સ્વરૂપે ૨૨ વાછરડી-વાછરડાંનો જન્મ થયેલ છે





અને ૧૭ તરવાઈ ગઈ છે. બનાસ ડેરીએ એનડીડીબી અને એનડીએસના ટેક્નિકલ સહયોગથી ઉત્તરપ્રદેશના વારાણસીમાં પણ ગર્ભ પ્રત્યારોપણ થકી વધુ દૂધ આપતી ગાયો તૈયાર કરવાની કામગીરી હાથ ધરેલ છે. તે અંતર્ગત ૧૨૫ જેટલી એચ.એફ. વાછરડીઓ (સરોગેટ) લાવીને તેમાં દૈનિક ૨૦-૨૫ લિટર દૂધ આપતી ગીર, સહીવાલ ઓલાદો પેદા કરવા માટે ગર્ભ પ્રત્યારોપણ કરવાની કામગીરી ચાલુ કરેલ છે, જેમાં મુખ્યત્વે કાંકરેજના ગર્ભનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે. હાલમાં છેલ્લાં પાંચ ગામમાં HFનાં એમ્બ્રિયો મૂકવામાં આવ્યા છે. આ માટે વડગામ, દાંતીવાડા, લાખણી, દિયોદર, થરાદ, ધાનેરા, પાલનપુર અને ડીસા તાલુકાને આવરી લેવામાં આવ્યા છે.

ગર્ભ પ્રત્યારોપણની વાત કરવામાં આવે તો ભારતમાં ગર્ભ પ્રત્યારોપણની કામગીરી કોઈ પણ સંસ્થા કે કોમર્શિયલ ફાર્મ ઉપર થયેલ તો જોવા મળે છે, પરંતુ કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ અને તે પણ ખેડૂતના ફાર્મ ઉપર થયેલ હોય અને તેના થકી બચ્ચાંનો જન્મ થયેલ હોય એવું બનાસ ડેરી થકી શક્ય બની રહ્યું છે. આ યોજના થકી બનાસ ડેરીએ ઓછા સમયમાં પ્રથમ વેતરમાં વૈજ્ઞાનિક રીતે સારી અને વધુ દૂધ ઉત્પાદન આપતી નવીન પેઢી મેળવવાની શરૂઆત કરી છે.

કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ યોજનામાં પ્રત્યારોપણ માટે ઉપયોગમાં લેનાર ગર્ભ લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવે છે. તેના માટે ઉચ્ચ વંશાવલીવાળી અને દૈનિક ૨૦-૨૫ લિટર દૂધ આપતી કાંકરેજ ગાયોની પસંદગી કરવામાં આવે છે અને તે ગાયના લોહીના સેમ્પલ દ્વારા બધા જ પ્રકારના રોગોના રિપોર્ટ કરવામાં આવે છે. આ પસંદ પામેલ ગાયોમાં સોનોગ્રાફી મશીનની મદદથી તેમના અંડકોષો પ્રાપ્ત કરવામાં આવે છે અને આ અંડકોષોનું ઉચ્ચ વંશાવલીવાળી દૈનિક ૨૦-૨૫ લિટર દૂધ આપતી કાંકરેજ ગાયના સાંઢના બીજ સાથે ફલીનીકરણ કરવામાં આવે છે. આ ફલીનીકરણ કરેલ અંડકોષોમાંથી તૈયાર થયેલ ૭ દિવસનો ગર્ભ ઓછું દૂધ આપતી સરોગેટ ગાયો/વાછરડીઓમાં મૂકવામાં આવે છે.

### આ યોજનાના ફાયદાઃ

- આ યોજનાની મદદથી જન્મ લેનાર વાછરડી દૈનિક ૨૦-૨૫ લિટર જેટલું દૂધ આપવાનીક્ષમતા ધરાવે છે. આમ, જે ગાય કે વાછરડીની દૂધ ઉત્પાદન ક્ષમતા ૪-૫ લિટર છે તેવી ગાયોમાં આવા ગર્ભ પ્રત્યારોપણ કરીને દૈનિક ૨૦-૨૫ લિટર દૂધ ઉત્પાદન કરતી નવીન પેઢી મેળવી શકીશું. જેથી બનાસકાંઠા અને વારાણસીના ખેડૂત ઓછા ખર્ચે વધુ આવક મેળવીને આર્થિક રીતે વધુ સક્ષમ બની શકશે.
- સામાન્ય રીતે કુદરતી/કૃત્રિમ બીજદાન થકી એક સારી ગાયમાંથી એક વર્ષમાં વધુમાં વધુ એક જ વાછરડી/વાછરડો મેળવી શકાય છે, જ્યારે આ યોજનાની મદદથી સારી ઓલાદની એક જ ગાયમાંથી એક જ વર્ષમાં ૪૦-૫૦ જેટલા ગર્ભ તૈયાર કરી અલગ અલગ ગાયો/વાછરડીઓમાં મૂકીને વધુમાં વધુ સારી ઓલાદની વધુ દૂધ આપતી વાછરડીઓ તૈયાર કરી શકાય છે.
- અમુક પશુઓમાં જોવા મળતી બંધ ગર્ભાશયની નળી (ફેલોપિયન ટ્યૂબ)વાળાં પશુઓ કુદરતી/કૃત્રિમ બીજદાન થકી ગાભણ થઈ શકતાં નથી. આવા પશુઓમાં માત્ર ગર્ભ પ્રત્યારોપણની મદદથી જ ગાભણ કરી શકાય છે.
- વધારે દૂધ આપતાં પશુઓમાં જોવા મળતી ગંભીર બાવલાની બીમારીવાળી સારી ઓલાદની ગાયો કે જેની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારે છે તેનો ડોનર એનિમલ તરીકે ઉપયોગ કરી સારી ઓલાદનો ગર્ભ બનાવી શકાય છે.

અત્યાર સુધીમાં આપણા બનાસકાંઠા જિલ્લામાં એનડીડીબી, આણંદ અને રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત એનડીએસ, દિલ્હીના સહયોગથી ગર્ભ પ્રત્યારોપણ કરવાની કામગીરી શરૂ કરેલ છે અને તેમાંથી ૬૫ જેટલી વાછરડીઓ/ગાયો ગાભણ પણ થયેલ છે, ટૂંક સમયમાં આ યોજના આખા જિલ્લામાં શરૂ કરવાનું પ્લાનિંગ આપણા ચેરમેનશ્રીએ કરાવેલ છે, જેનો સીધો આર્થિક ફાયદો બનાસકાંઠા અને વારાણસીના દૂધ ઉત્પાદકોને થશે અને દૂધ ઉત્પાદકો વધુ આર્થિક પગભર થશે તેવો પ્રોજેક્ટ બનાસ ડેરી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે.






# ચોકલેટ પ્લાન્ટ, બનાસ સંકુલ સણાદર
## બનાસની મીઠાશને વિશ્વભરમાં પ્રસરાવતો પ્લાન્ટ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભ હસ્તે માત્ર દોઢ વર્ષની અંદર બનાસ સંકુલ, સણાદરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં અલગ અલગ પ્રકારના પ્લાન્ટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાં એક ચોકલેટ પ્લાન્ટ પણ છે, જે બનાસકાંઠાના પશુપાલકોએ ભરાવેલા દૂધની મીઠાશને ચોકલેટના માધ્યમથી વિશ્વભરમાં પ્રસરાવે છે. બનાસ સંકુલ, સણાદર ખાતે આવેલ અમૂલ બિંદાઝ ચોકલેટ પ્લાન્ટની કુલ ક્ષમતા પ્રતિદિન ૬ મે. ટન છે. ઉત્પાદન ૨૦૨૨ના ઓગસ્ટ મહિનામાં શરૂ થયું હતું. અમૂલ બિંદાઝ ચોકલેટ (૧૨ ગ્રામ x ૭૫ ટુકડાઓ x ૬ જાર) અહીં વેફર શીટને ઈચ્છિત પરિમાણોમાં કાપીને અને તેને સંયોજન ચોકલેટ સાથે લેયર કરીને બનાવવામાં આવે છે. અમૂલ મિલ્ક કમ્પાઉન્ડ ચોકલેટ બટનો મોગર ચોકલેટ પ્લાન્ટમાંથી પૂરો પાડવામાં આવે છે. ક્રીમ વેફર શીટ્સઃ ક્રિસબીસ વેફર્સ અને યશીલ ફૂડ્સ દ્વારા સપ્લાય કરવામાં આવે છે.



# ખમીરવંતુ બનાસ-વેગવંતુ ગુજરાત

